**ક્રિ.અ.નં.૩૩૯/૨૦૨૫**

**::આંક–૧ લગત હુકમ::**

રેકર્ડ જોતા, આજરોજ બંને પક્ષકારો કોર્ટ સમક્ષ હાજર છે. એપેલેન્ટ અને રીસ્પોન્ડન્ટ વચ્ચે સમાધાન થઇ ગયેલ છે. તેથી સમાધાન પુરશીશ રજુ કરેલ છે. સમાધાન પુરશીશના લખાણ બાબતે બંને પક્ષકારો સહમત છે. આ કામે સમાધાન પુરશીશમાં જણાવ્યા મુજબ મુળ ફરિયાદીને અરજદાર(મુળ આરોપી) પાસેથી લેણી થતી રકમ મળી ગયેલ છે. હવે કોઇ રકમ લેવાની રહેતી નથી.

જે ગુનાના કામે અપીલ દાખલ કરવામાં આવેલ છે, તે ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટનો ગુનો છે. જે ગુનો સમાધાન લાયક છે અને અપીલ તબકકે પણ સમાધાન થઇ શકે તેવો ગુનો છે. જેથી પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય, વિવાદનો કાયમી નિકાલ થયેલ હોય સમાધાન પુરશીશ ગ્રાહય રાખવામાં આવે છે.

વિ.ટ્રાયલ કોર્ટ ક્રિ.કેસ નં. ૧૧૮/૨૦૨૪ માં તા. ૧૯/૦૮/૨૫ ના રોજ એપેલેન્ટને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટના ગુના માટે દોષિત માનતો જે ચુકાદો આપ્યો છે, તે ચુકાદો સેટેસાઇટ કરવામાં આવે છે. એપેલેન્ટ/આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

વિધ્વાન ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને પ્રોસીડીગ આ હુકમની એક ખરી નકલ સાથે પરત મોકલી આપવુ.

હુકમ આજરોજ તા.૫, જૂન સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

ગાંધીનગર.
તા.૦૫/૦૬/૨૦૨૬

**(વિરેન્દ્રસિંહ જી. રણા)**
પાચમાં અધિક સેશન્સ જજ
ગાંધીનગર.
**GJ00964**